





જૂઠ્ઠો વિશ્વાસ આપી દેશને મંતરી જાય છે,
બનાવટ કરી, કાયદાને વેતરી જાય છે
ખોતરી જાય સંબંધો, જોતરી જાય બચાવે -
ઇટાલીયન પ્રજા, રાષ્ટ્રને છેતરી જાય છે!
(વિશ્વાસઘાત)

પેટ માં પેસી,
કરે પગ પહોળા -
ઇટાલીયન્સ!

વેવાઇ પક્ષે
ફેરવી નાખી ટોપી -
ઇટાલીયન્સ!




## ચિંતન

**તૃણાનિ નોન્મૂલયતિ પ્રભજ્જનો, મૃદુની નીચૈઃ પ્રણતાનિ સર્વતઃ ।**
**સમુચ્છ્રિતાનેવ તરૂન્પ્રબાધ્યતે મહાન્મહત્સ્વેન કરોતિ વિક્રમમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'જોરથી વાતો તોફાની પવન કૂણાં અને નીચાં નમેલાં તણખલાંઓને કંઇ નૂકશાન પહોંચાડતો નથી અર્થાત તણખલાંઓને ઉખેડી નાખતો નથી; પણ મોટાં અને ઊંચા અને (કડક થડવાળાં) એનાં વૃક્ષોને ઉખેડી નાખે છે અથવા હાનિ કરે છે કારણ કે મોટા-મહાજનો-મોટા અને અભિમાની લોકો પર જ પરાક્રમ કરે છે.'

અહમ્-ગર્વ-મદ-અભિમાનથી અંતે પતન જ થાય છે. દુર્યોધન-રાવણ આના પ્રત્યક્ષ પુરાવા છે, જે કદાપિ નીચું નમતો નથી, માફી માગતો નથી, ભૂલનો સ્વીકાર કરતો નથી, કોઇની પણ સાચી સલાહ સાંભળતો નથી. ક્રોધી અને પોતાનો જ કક્કો સાચો કરાવનાર અને એવું માનનાર જીદ્દી સ્વભાવના લોકો સમાજમાંથી, સ્થાન-પદ પરથી ઉખડી જાય છે.

જયારે સાલસ સ્વભાવના, સદાય નમ્ર રહી ભૂલ સ્વીકારી ક્ષમા યાચનાર કે આપનાર નમ્ર વિવેકી લોકો સદાય સૌને ગમે છે. એને કોઇ કંઇ જ નૂકસાન પહોંચાડતું નથી.

આ વાત સમજાવવા માટે અહીં વાવાઝોડાંનું દૃષ્ટાંત આપી સમજાવ્યું છે કે તોફાન સામે અડગ-ટટાર રહેતાં વૃક્ષોને તોફાન ઉખેડી ફેંકી દે છે પણ નમ્ર નાના ઘાસ-તણખલાં પવનની દિશામાં નમી જાય છે અને તોફાન પણ કંઇ કરતું નથી.

## સુવિચાર

- જિંદગી ટૂંકી હોય છે પણ એમાં રહેલી કલા અમર હોય છે - **હિપોક્રેટિસ**
- પત્નીની પવિત્રતા, મિત્રની મૈત્રી, સેવકની નિષ્ઠા, આટલાંની કસોટી કરી લેવી જોઇએ - **ચાણક્ય**
- સ્ત્રીને પુરૂષે જેટલી મામૂલી ગણી છે એટલું જ એનું પુરૂષાતન મામૂલી બન્યું છે- **ઝવેરચંદ મેઘાણી**
- કોઇ પણ કષ્ટની નદી ઉપર, ચિંતાએ પુલ બાંધી આપ્યો હોય એવું કદી જોવામાં નથી આવ્યું - **રૂકિની**
- મારી સફળતાના પાયામાં નિષ્ફળતાઓ ભરી છે - **બેન્જામીન ફ્રેંકલીન**
- યુવાનીમાં આશરો આશાનો, વૃધ્ધાવસ્થામાં સ્મરણોનો-આશા એટલે શ્રધ્ધાની માતા-આશા એટલે જાગતાનું સપનું - **મેથ્યુ પ્રિયોર**
- આપણું ધ્યેય 'સત્ય' હોવું જોઇએ-સુખ નહીં - **સુકરાત**

## બોધ કથા

આજકાલ વેપારીઓ-બિલ્ડરો-કર્મચારી નેતાઓ બધાં જ બે નંબરી આવક-ખાતાં રાખે છે અને **કરચોરી કરે જ છે જે 'ન પકડાય' તે ચતુર અને હોંશિયાર પણ ઠરે છે.**

બાદશાહ અને બીરબલ ઇન્કમટેક્ષના દરોડાની ચર્ચા કરતા હતા. બાદશાહ કહે, મારી નજર નીચેથી કોઇ જ ચોરી કરી ન શકે!

બીરબલ કહે, એવું નથી, સોની અને દરજીને કોઇ ન પહોંચે, એ તમારી આંખ નીચેથી પણ ધારે તો ચોરી કરી જ લે...!

બાદશાહે શરત મૂકી. બીરબલે એક હોંશિયાર દરજીને બોલાવ્યો. બાદશાહે પોતાના મહેલમાં જ નજર સામે દરજીને બેસાડ્યો અને સવારથી સાંજ સુધી બેગમની મલમલની પાંચ ચોળી સિવવાનો આદેશ આપ્યો. બહાર નિકળવું નહીં. એક ઓરડામાં જ રહી ચોળી સિવવાની અને સાંજે જાય ત્યારે તલાસી લેવાની, એવું નક્કી થયું!

દરજી કામે બેઠો-રાજાએ જાપ્તો રાખ્યો-બપોરે દીકરો આવ્યો, દૂરથી જ વાત કરવાની હતી, ઘેર મહેમાન આવ્યા છે એક કલાક માટે ઘરે આવી જાવ. દરજીએ ના પાડી રાજાનો આદેશ છે, મારાથી નહીં અવાય-દીકરાએ જીદ કરી દરજીએ ગુસ્સે થઇ દૂરથી પોતાના જોડો તેના તરફ ફેંક્યો. પણ દીકરો માન્યો નહીં એણે આગ્રહ ચાલુ જ રાખ્યો. દરજીએ બીજો જોડો માર્યો. દીકરો બંને જોડા ઉપાડી નાઠો!

સાંજે કામ પૂરૂં થયું. તલાસી થઇ, દરજી પાસેથી કંઇ ન મળ્યું. રાજા હજુ મૂછે તાવ દે એના પહેલાં બીરબલે કહ્યું. બે મીટર મલમલ દરજીને ઘેર પહોંચી ગયું છે?

રાજાએ કહ્યું, ગુનો માફ કરીશ, પણ ચોરીની રીત કહે,

દરજી કહે ગુસ્સે થઇ બૂટ માર્યા - એમાં અર્ધો-અર્ધો મીટર હતું.

# પરીક્ષામાં ભાષાકીય નિયંત્રણને પરિણામે ભારતની સનદી સેવાઓમાં "ચોક્કસ" વર્ગમાંથી આવતાં ઉમેદવારો જ લાભ ઉઠાવી શકશે

કેટલાંક સમાચારોની આદત હોય છે, કલાસમાં હાજર હોય તો પણ છેલ્લી બેન્ચ પર બેઠેલા ઇન્ટ્રોવર્ટ શાયલન્ટ છોકરાની જેમ ચૂપચાપ બેસી રહેવાની. આવા જ એક સમાચાર દિલ્લીના ધૌલપુર હાઉસથી આખા દેશ પર ત્રાટક્યા છે. સમાચાર રાજકીય નથી એટલે એને ચર્ચાનો રંગ ચડાવાયો નથી. પરંતુ છે અગત્યનાં જેની છેલ્લાં એક બે વરસથી વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા ચાલતી હતી તે ફેરફારો સાથે યુ.પી.એસ.સી. કે સંઘ લોક સેવા આયોગે પરીક્ષા માટેનું નોટીફીકેશન બહાર પાડ્યું અને છેલ્લા મહિનાથી નિર્ધારિત તારીખ કરતાં મોડી પડેલી જાહેરાત વાંચવામાં હજારો આશાવાન આંખો વ્યસ્ત બની ગઇ.

પરિવર્તન એ સમયની જરૂરિયાત છે અને ઓલ ઇન્ડિયા સર્વિસીસ કે અખિલ ભારતીય સેવાઓ પરિવર્તનોનાં પડકારને ઝીલતી સેવાઓ છે. આઇ.એ.એસ. અને આઇ.પી. એસ. જેવા પદોની પ્રચલિત અને લોકપ્રિય સનદી સેવાઓ સમગ્ર દેશભરનાં યુવાનો જ નહીં, તેમનાં પરિવારોની આંખોમાં પણ સપનાઓનું આકાશ ફેલાવે છે. કઠોર પરિશ્રમ, દૃઢ મનોબળ અને ધીરજના ફળ રૂપે મળતી આ સેવાઓનો રૂઆબ અને મોભો તેમજ સમાજનાં વિવિધ પાસાઓને સ્પર્શતી સત્તા મોટા ભાગનાં યુવાનોને આકર્ષે છે. પરંતુ યુપીએસસી.નાં નવાં નિર્ણય પછી ભારતનો કેટલાંક વર્ગનાં સપનાં અને હકીકત વચ્ચેનું અંતર વધી ગયું છે.

વર્ષ ૨૦૧૨ સુધી પિલિમ્સ, મેઇન્સ અને ઇન્ટરવ્યું સધીનાં ત્રણ તબક્કામાં લેવાતી સિવિલ સર્વિસ એક્ઝામિનેશન અનુસૂચિત-૮માં સૂચવેલી કોઇ પણ ભાષા પૈકી એક ભાષામાં આપી શકાતી હતી પરંતુ નવો નિયમ વિચિત્ર છે અને ઘણું ખરૂં તર્કહીન છે. નવા નિયમ મુજબ ઉમેદવાર અંગ્રેજી અથવા હિન્દીમાં જ પરીક્ષા આપી શકશે - ઉપરાંત પરીક્ષામાં ભાષાનાં માધ્યમ તરીકે ઉમેદવારનાં ગ્રેજ્યુએશનનાં માધ્યમને ધ્યાનમાં રાખવામાં આવશે. સામાન્યતઃ દેશભરમાં એક સામાન્ય પ્રથા એ મુજબની છે. જેમાં પ્રાદેશિક ભાષાકીય માધ્યમમાં સ્કૂલિંગ કરેલ વિદ્યાર્થીઓ જયારે ટેકનીકલ ફિલ્ડમાં કે પ્રોફેશનલ અભ્યાસક્રમમાં એડમિશન લે છે ત્યારે તેઓ ઇગ્લિંશ મિડીયમમાં અભ્યાસ કરે છે. હવે એન્જિનીયરીંગ, ફાર્મસી કે મેડિકલમાં ભણતા વિદ્યાર્થી માટે અંગ્રેજીએ "તથ્યોની ભાષા" છે - "વિચારો"ની નહિ. આ તમામ અભ્યાસક્રમો એ એક પ્રકારની ટેકનીકલ સબ લેંગ્વેઝ જેવા છે - લઘુભાષા જેવા છે. સિવિલ સર્વિસીસની પરીક્ષાઓ જયાં તથ્યો સાથે મજબૂત વિચારો મૂકવાનાં હોય ત્યારે ભાષા છીનવી લેવી એ એક પ્રકારની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર જુદી જ રીતનો પ્રતિબંધ છે.

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

## UPSC ની નવી "પેટર્ન" અજીબ દાસ્તાં હૈ યે...

વળી, યુપીએસસી શરત મુકે છે કે જો પ્રિલિમ્સ પાસ કરેલા ૨૫ ઉમેદવારે આયોગને વિનંતી કરે તો ઉમેદવારોને જોઇન્સની પરીક્ષા પોતાની પસંદગીની ભાષા લખવા મળી શકે. અર્થાત્ પરીક્ષાની છેલ્લી ઘડી સુધી પરીક્ષાર્થીઓએ લોલકની જેમ આંદોલિત થયા કરવાનું! અનિશ્ચિતતામાં પણ અનિશ્ચિતતા!!

યુ.પી.એસ.સી. એ પોતાના તરફથી આ બાબતે હજી સુધી કોઇ સ્પષ્ટ તર્ક આપ્યો નથી. પરંતુ ભાષાકીય બાબતો વિશે નોટીફિકેશનમાં **"To maintain the quality and Standrad of the examination..."** જેવા વાક્ય પ્રયોગ કર્યો છે. આ વાક્યનાં ગંભીર અર્થઘટન થઇ શકે છે અને પ્રોદેશિક ભાષાઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ પણ જાણી શકાય છે. શું યુ.પી.એસ.સી. એમ માને છે કે પ્રાદેશિક ભાષાઓનાં લીધે પરીક્ષાનાં "ક્વોલિટી" કે "સ્ટાન્ડર્ડ", જળવાતાં નથી? પણ કંઇ "કવોલિટી", કયા "સ્ટાન્ડર્ડ"- આ વાતનો ફોડ યુ.પી.એસ.સી. પાડતું નથી. છતાં પણ ક્વોલિટી અને સ્ટાન્ડર્ડ નો આપણે એક સર્વ સામાન્ય અર્થ કરીએ તો શું પ્રાદેશિક ભાષાઓમાં વિચારતો ઉમેદવાર ઓછી ગુણવત્તાવાળો કે ગુણવત્તાવિહીન હોય છે? શું અંગ્રેજી બોલી જાણતો કે લખી જાણતો ઉમેદવાર ઊંચી ગુણવત્તાનો હોવાનો કોઇ પુરાવો છે. પેપર ચેકિંગમાં નિષ્પક્ષતા માટે આવું પગલું ભર્યું હોવાનું ચર્ચામાં રહેલું કાચન પળ કંઇક એવો જ ઇશારો કરે છે - શું અંગ્રેજી કે હિન્દીમાં પેપર ચેક કરતા નિરીક્ષકોની નિષ્પક્ષતા સો ટચની છે? આ "ક્વોલિટી" અને "સ્ટાન્ડર્ડ" માટે યુપીએસસી કયું થર્મોમીટર વાપરે છે? ૩૭.૨ સે. જેટલો ઉષ્ણ જવાબ હોયતો આપજો!

ખેર, નવા નોટીફીકેશનથી હિન્દી માધ્યમમાં જેમનો દબદબો છે તેવા ઉ.પ્ર. કે બિહારનાં ઉમેદવારો તેમજ અન્ય હિન્દી ભાષી રાજયોનાં ઉમેદવારોને કોઇ ખાસ સમસ્યાનો સામનો કરવો પડે તેમ નથી. અંગ્રેજી માધ્યમ 'એડવાન્ટેજ' સ્થિતિમાં છે જ. પરંતુ એ પ્રદેશો જયાં પ્રાદેશિક ભાષાઓમાં સપના જોતા ઉમેદવારોની સંખ્યા વધુ છે તેવા જમ્મુ-કાશ્મીર, ગુજરાત, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે તેમજ વિવિધ રાજયોનાં અંતરિયા ગામોમાં વસતાં વિદ્યાર્થીઓ - અનુસૂચિત જાતિ - જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં ભાષાકીય "અસામનતા"નો સામનો કરવો પડશે. પરીક્ષામાં ભાષાકીય નિયંત્રણને પરિણામે ભારતની સનદી સેવાઓમાં "ચોક્કસ" વર્ગમાંથી આવતાં ઉમેદવારો જ લાભ ઉઠાવી શકશે. આ જ ઉમેદવારો છે જે ભવિષ્યમાં પોલિસી મેકિંગમાં કે નીતિનિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરવાનાં છે. શું કોઇ "ચોક્કસ" વર્ગમાંથી પેદા થયેલો નીતિ નિર્માતાઓનો અધિકારી વર્ગ સમાજમાં અન્ય વર્ગની "વાસ્તવિક" સ્થિતતિનો "વિના અનુભવે" અંદાજ મેળવી શકશે ખરો? કે પછી "ટ્રાયલ એન્ડ એરર" નાં નામે પોલિસીઓ બનતી રહેશે?

યુ.પી.એસ.સી. એ મૂકેલાં ભાષાકીય નિયંત્રણો ભારતીય બંધારણમાં સૂચિત આર્ટીકલ ૧૬ નીચે "અવસરની સમાનતા"નાં સિધ્ધાંતનો ભંગ કરે છે. કેમ કે અમુક તમુક ભાષાને જ પ્રાધાન્ય આપવાથી ઉમેદવારો માટે પરિસ્થિતિ "અસમાન" બની જાય છે - વળી એક રીતે આર્ટીકલ ૧૯ નીચે મળતી "અભિવ્યક્તિની સ્વતંત્રતા" પર અપ્રત્યક્ષ રીતે કાપ છે, મીઠા પાણીની માછલીને ખારા પાણીમાં નાખવાથી એ તરે જ એ જરૂરી નથી. મીઠા પાણીની માછલીને ખારા પાણીની માછળી સાથે ખારા દરિયામાં જ કોમ્પિટિશનમાં ઉતારવામાં આવે એ એક પ્રકારની છેતરપીંડી જ કહેવાય - અસવરની સમાનતાનો ભંગ.

ગ્લોબલાઇઝેશનનાં સમયમાં અંગ્રેજીનું મહત્ત્વ પાનનાં ગલ્લાંને પેલેસ કહેતો ગલ્લાવાળો પણ સમજી ગયો છે પરંતુ તેનો વિચારહીન અમલ માણસની વિચાર પ્રક્રિયાને અવરોધી શકે છે. અંગ્રેજીમાં દક્ષતા ચકાસવા પરીક્ષામાં અંગ્રેજીનાં પ્રશ્નપત્રનું પ્રાવધાન છે જ - ઉમેદવારની ભાષાકીય ક્ષમતા તેમાં જ ચકાસી લેવામાં આવે છે તો પછી સમગ્ર પરીક્ષાને ભાષાકીય અવરોધોથી સજ્જ કરવાનો ભારત જેવા બહુભાષીય દેશમાં કોઇ વિશેષ અર્થ સરતો નથી.

હવે, આગળ શું? તેવા અનેક પ્રશ્નો ચર્ચા અને ચિંતાના કેન્દ્રમાં છે. વર્ષો સુધી પ્રાદેશિક ભાષામાં તૈયારી કરનાર ૨૯ વર્ષનાં ઉમેદવાર કે આ જ વરસે છેલ્લો "અટેમ્પટ" આપનાર ઉમેદવારની સ્થિતિ કફોડી બની છે. પરિવર્તન એ એકાએક ઘટતી "ઘટના" નથી પણ ક્રમશઃ ચાલતી "પ્રક્રિયા" છે - આ બંનેનાં અર્થનું વિશ્લેષણ ઉમેદવારો અને યુ.પી.એસ.સી. બંનેએ કરવાની જરૂર છે...!!!

... અને છેલ્લે તૈયારી કરતાં વિદ્યાર્થીઓને... જો ઘરમાં ઘૂસવાનાં દરવાજા બંધ હોય તો ચિંતા ના કરો - બારીઓ તો છે જ!!

• • •

તારી હાક સુણી કોઇ ના આવે, તો એકલો જાને રે...

-ch9723367947@yahoo.com

# ડાયાબીટીસથી શરીરનું કયું અંગ પ્રભાવિત થાય છે?

### વિષય : વિજ્ઞાન

(૧) 'પૃથ્વીના જે ભાગોમાં જીવન શક્ય હોય તે 'જીવાવરણ' કહેવાય છે આ વિધાન કયા વિદ્વાનનું છે?
(અ) હેન્સ કેરોલ (બ) દા સંમન (ક) હચિન્સન (ડ) એન્ટ્રીયોલ
(૨) સુનામી ઉદ્ભવવાનું મુખ્ય કારણ કયું છે?
(અ) જવાળામુખી (બ) ટોર્નેડો (ક) ચક્રવાત (ડ) ભૂકંપ
(૩) સૂર્યનાં પારજાંબલી કિરણોથી આપણું રક્ષણ કયો વાયુ કરે છે?
(અ) નાઇટ્રોજન (બ) હાઇડ્રોજન (ક) ઓક્સિજન (ડ) ઓઝોન
(૪) 'હેરિકેન' નામના ચક્રવાત સૌથી વધારે કયાં દેખાય છે?
(અ) કેરેબીયન સમુદ્ર (બ) યુ.એસ.એ. (ક) ચીન (ડ) ઓસ્ટ્રેલિયા
(૫) બર્ડ ફલ્યુ (એવીઅન ઈન્ફલુએન્જા) માટે કયો વાપરસ જવાબદાર છે?
(અ) $H_1N_1$ (બ) $H_5N_1$ (ક) $N_1H_5$ (ડ) $N_1H_1$
(૬) માણસના બ્લડ્ગ્રુપને નક્કી કરવામાં નીચેનામાંથી શું મદદ રૂપ બને?
(અ) પ્લાઝમા સેલ (બ) વ્હાઇટ બ્લડ સેલ
(ક) પ્લેટ લેટ્સ (ડ) રેડ બ્લડ સેલ
(૭) એન્ટાર્કટીકામાં ભારતનાં ત્રીજા સંશોધનનું નામ શું?
(અ) મૈત્રી (બ) ધ ઈન્ડિયન (ક) સ્વાગત (ડ) ભારતી
(૮) ભોપાલ ગેસ દુર્ઘટનાના કયા ગેસનાં કારણે થઈ હતી?
(અ) મિથાઈલ આઈસોસાયનેટ (બ) કાર્બન ડાયોકસાઈડ (ક) કાર્બન મોનોકસાઈડ (ડ) સલ્ફર ડાયોકસાઈડ
(૯) સૌથી વધુ ધ્વનિ પ્રદૂષણ નીચેનામાંથી કયા કારણે થાય છે?
(અ) વાહનોનો ટ્રાફીક (બ) પોપ મ્યુઝિક
(ક) લાઉડ સ્પીકર (ડ) જેટ વિમાન ઉડવાથી
(૧૦) ડાયાબીટીસથી શરીરનું કયું અંગ પ્રભાવિત થાય છે?
(અ) હૃદય (બ) યકૃત (ક) સ્વાદુપિંડ (ડ) ફેફસાં
(૧૧) સાબુનાં ફીણમાં દેખાતા અનેકવિધ રંગોનું કારણ છે?
(અ) પ્રકાશનું પરાવર્તન (બ) પ્રકાશનું વક્રીભવન
(ક) પ્રકાશનું વ્યતિકરણ (ડ) આમાંથી કોઈ નહીં
(૧૨) નીચેનામાંથી કયું ખનિજ એલ્યુમિનિયમની બનાવટમાં વપરાય છે?
(અ) બૉકસાઈડ (બ) અબરખ (ક) ચાંદી (ડ) મેંગેનીઝ
(૧૩) રેડિયો એક્ટીવતાનો પ્રમાણિત એકમ કયો છે?
(અ) ક્યૂરી (બ) લક્સ (ક) ડાઈન (ડ) ન્યૂટન
(૧૪) 'કોરોનરી ડીસીઝ' નીચેનામાંથી શરીરના કયા અંગ સાથે સંબંધિત છે?
(અ) ફેફશાં (બ) હૃદય (ક) કીડની (ડ) લીવર
(૧૫) તમાકુમાં નીચનામાંથી કયો પદાર્થ રહેલો છે?
(અ) કોકેઈન (બ) હેરોઈન (ક) અફીણ (ડ) નિકોટીન

### ● વિવિધા ●

**વિષય :- ખ્યાતનામ કૃતિઓ**

● મિથ્યાભિમાન : **દલપતરામ** ● મોરનાં ઈંડા : **કૃષ્ણલાલ શ્રીધરાણી** ● મોત પર મનન : **ફિરોજ દાવર** ● મૂળ સોનાં ઉખડેલાં : **કમુબેન પટેલ** ● રંગતરંગ (ભાગ ૧ થી ૫) : **જયોતિન્દ્ર દવે** ● રચના અને સંરચના : **હરિવલ્લભ ભાયાણી** ● રાનેરી : **મણીલાલ દેસાઇ** ● રેખાચિત્ર : **લીલાવતી મુનશી** ● વસુધા : **સુંદરમ્** ● વડવાનલ : **ધીરૂબેન પટેલ** ● વનવગડાના વાસી : **વનેચર** ● વનાંચલ : **જયંત પાઠક** ● વિખૂટાં પડીને : **અશ્વિન દેસાઇ** ● વિદિશા : **ભોળાભાઇ પટેલ**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ભારતીય જનતા પાર્ટીનાં યુવા સાંસદ વરૂણ ગાંધી કોના પુત્ર છે?
જવાબ - પિતા-સંજય ગાંધી, માતા-મેનકા ગાંધી

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : સે-૭ડી
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૫) ઈશિતા : પ્લોટ નં. ૪૩૮, સે-૩૦
(૬) લમ્હા એમ. જાદવ : સે-૩૦
(૭) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦




### ● પૂછું એક સવાલ...?

(૧) પટેલ ઐક્ય એલ. સે-૪થી
પ્રશ્ન - સૌથી ઊંડી નદીની ખીણ કંઇ છે?
જવાબ - હેલ્ઝ કેનીયન, સ્નેઈ નદી, આહીડહો - ઓરીગન (૨૪૦૮ મીટર)
(૨) વ્યાસ મેધા. એસ : સે-૩થી
પ્રશ્ન - ટોયોટા મોટર મુળ કયાં દેશની પ્રોડક્ટ છે?
જવાબ - જાપાન
(૩) પંચાલ વેદાન્ત : સે-૨૮થી
પ્રશ્ન - વિજય અમૃતરાજ કઈ રમતનાં ખેલાડી છે?
જવાબ - લોન ટેનિસ
(૪) પટેલ ધારા. પી. : સે-૨૯થી
પ્રશ્ન - ડેવીડબેન ગુરીઑન કયા દેશનાં મહાનુભઆવ હતા?
જવાબ - ઈઝરાયેલ
(૫) રશ્મિ કે. ચાવડા : સે-૧૪થી
પ્રશ્ન - લકઝરી હોટલોનાં પ્રણેતા કોણ હતા?
જવાબ - ઑબરોય

### ● આ સપ્તાહનો સવાલ...?

**પાકિસ્તાનના વડાપ્રધાન તાજેતરમાં કયા ધાર્મિક સ્થળનાં દર્શન કરવા આવ્યાં હતા?**
આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

[illegible]
[illegible]

### ભગવાન કરે એ બધું સારા માટે

## ...મારી આંગળીઓ તો બધી સલામત છે. એટલે એ આદિવાસીઓએ મારો બલિ ચઢાવ્યો હોત! માટે ભગવાન કરે એ બધું સારા માટે

એક રાજા હતો. એના પ્રધાનને ભગવાન ઉપર બહુ શ્રધ્ધા. ગમે તે થાય. પ્રધાન તરત જ બોલે, "ભગવાને આ કર્યું એ સારા માટે જ કર્યું." એક વાર, આકસ્મિક રીતે રાજાના હાથની એક આંગળી કપાઇ ગઇ. પ્રધાન બોલી ઊઠ્યો, "જે થયું તે ભગવાને સારા માટે જ કર્યું હશે."

રાજા આ સાંભળીને ગુસ્સે થઇ ગયો અને પ્રધાનને




જેલમાં પુરી દીધો. થોડા દિવસો બાદ રાજા શિકારે કયો. રાત પડી ગઇ અંધારૂં થઇ ગયું. છતાં દોડાવતો જ રહ્યો. એમાં આદિવાસી માનવભક્ષીઓનાં વિસ્તારમમાં પહોંચી ગયો, અને પકડાઇ ગયો. એટલે રાજાની બલિ ચઢાવવાનું આદિવાસીઓએ નક્કી કર્યું. ત્યાં એક આદિવાસીની નજર રાજાના હાથ પર પડી. "આની તો એક આંકડી કપાયેલી છે. બલિ માટે બત્રીસ લક્ષણો જોઇએ. આ તો ખંડિત, બલિ માટે યોગ્ય નથી!" આમ કહી રાજાને છોડી મૂક્યો.

રાજા પોતાના રાજયમાં પાછો ફર્યો. એને પોતાની ભૂલ સમજાઇ અને પ્રધાનને જેલમાંથી મુક્ત કર્યો. પ્રધાને કહ્યું, "તે જેલમાં પૂર્યો એ પણ સારૂં થયું. નહી તો હું તમારી સાથે જ હોત તમને છૂટા પડવા જ ના દઉં. પણ મારી આંગળીઓ તો બધી સલામત છે. એટલે એ આદિવાસીઓએ મારો બલિ ચઢાવ્યો હોત! માટે ભગવાન કરે એ બધું સારા માટે."

### કસોટી

એક બ્રિટીશ ભૌતિક શાસ્ત્રવિદ્ અને ગણિતજ્ઞે તેનાં ૧૯૮૮માં પ્રકાશિત થયેલા પુસ્તક "એ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઇમ"માં આકાશ અને સમય અંગેની આપણી માન્યતાને ઘરમૂળથી ફેરવી નાખી છે.

આ લેખકનું નામ તમે જાણો છો? અને તેઓએ મહાન બનવા પોતાની શારીરિક વિકલાંગતાને કેવી રીતે જીતી તેની કંઇ ખબર છે?

### બાળ મિત્રો,

દરેક વાતમાં ધગશ હંમેશાં રાખવી. ખાસ કરીને અભ્યાસ કરવામાં. ઘણીવાર ભણવામાં આળશ આવે કે અઘરૂં લાગે તો પણ નિરાશા ખંખેરીને ખૂબ મન દઇને મહેનત કરવી. કેમ કે, ખરા દિલથી અને સંપૂર્ણ ધ્યાન આપીને અભ્યાસ કરવામાં આવે તો અચૂક સફળતા મળે છે.

એક સાચી બનેલી ઘટના છે. વર્ષ ૨૦૦૭માં સામાન્ય પ્રવાહનું બોર્ડનું પરિણામ આવતાં બે બાળકોએ સાબિત કરી દીધું કે ભણવા માટે, સગવડ કરતાં તીવ્ર ઇચ્છા વધારે ઉપયોગી છે.


રાજુના પિતા ઝૂંપડપટ્ટી જેવા ગીચ અને અગવડભર્યા વિસ્તારમાં રહીને એક એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરે છે. તેની માતા આડોશ-પાડોશનાં ઘરોમાં કચરા - પોતા - વાસણ માંજીને કુટુંબને ધબકતું રાખે છે.

રાજુનાં સમગ્ર અભ્યાસ માટે આજુબાજુનાં લોકોએ તેને જૂના ચોપડા અભ્યાસ સામગ્રી આપી હતી. ટ્યુશન ફી ભરવાના પૈસા ન હોવાથી નિશાળ - ઘરમાં રહીને રાજુ - રબારી એ ૯૦% ગુણ મેળવ્યાં.

આ જ રીતે અમદાવાદમાં સાતમા સ્થાને આવેલ હિમાદ્રી ભટ્ટનાં પિતા મિલમાં કામ કરતાં હતા. મિલ બંધ થઇ જતાં રીક્ષા લઇને ગાડું ગબડાવતાં. હિમાદ્રીએ ૯૦% મેળવ્યા છે.

તો, વાત સમજાઇ? ખરા મનથી મહેનત કરવામાં આવે તો ઝળહળતી સરળતા મળે જ છે.

### દરેક બારણું ઓળંગો, પણ એક વાર!



આ આકૃતિ જુઓ. એમાં એક મકાનનો નકશો છએ. એમાં છ ઓરડા છે. તમારે આ મકાન જોઇ વળવાનું છે. દરેક બારણું એક જ વાર ઓળંગવાનું છે. એકથી વધારે વાર ઓળંગવાની મનાઇ છે. બોલો, કયાંથી શરૂ કરશો અને કયાં નીકળશો? જવાબ ન જડે તો તમારા મોટાં ભાઇબહેનનો પૂછજો.